## ૧૧ મા એડિ.સિવિલ જજ અને જ્યુડિ.મેજી.ફ.ક, સુરતની કોર્ટમાં

ફોજદારી કેસ નં. ૭૧૨૭/૨૦૨૧
આંક-

ફરીયાદીઃ- સરકારશ્રી
વિરુધ્ધ
આરોપીઃ- આશા અરવિંદભાઇ પટેલ,

ગુનોઃ- પ્રોહિ.એક્ટની કલમ- ૬૫(એ)(એ) મુજબ.

**ચુકાદો**

૧. આ કામના આરોપી સમક્ષ ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની ૬૫(એ)(એ) મુજબના ગુન્હાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ થતા આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા પોલીસ પેપર્સની તમામ નકલો વિના મુલ્યે આપવામાં આવેલી ત્યારબાદ આરોપીની આંક- થી પ્લી રેકર્ડ કરેલ છે તથા આંક- થી ગુનાની કબુલાત પુરશીસ રજુ કરેલ છે. જે પુરશીસ વંચાણે લેતા આરોપીએ સ્વૈચ્છીક રીતે સદર ગુનો કબુલ કરેલ જણાઈ આવે છે. વધુમાં, આરોપીએ મૌખિક રજુઆત કરેલ છે કે, પોતે ગરીબ ઘરના છે અને અભણ વ્યક્તિ છે અને તેના કુટુંબની જવાબદારી તેમની ઉપર છે, જેથી દયા રાખી ઓછી સજા કરવાની વિનંતી કરે છે અને ફરી આ પ્રકારનો ગુનો ના કરે તેવી બાંહેધરી આપે છે.

૨. આરોપીને ગુના અંગેની તેમજ ગુનાની શિક્ષાત્મક જોગવાઈઓ અંગે પણ સમજ આપેલ છે અને પુછપરછ કરતા સંપુર્ણ સ્વૈચ્છીક રીતે તેણે ગુનો કબુલ કરેલ છે તેવુ ફલિત થાય છે. આવા સંજોગોમાં આરોપી ઉપર દયા રાખવી જરૂરી જણાઈ છે અને તે સંજોગોમાં કેસની તમામ હકીકતો અને આરોપીની રજુઆત તથા આરોપીની સ્વૈચ્છીક ગુના કબુલાતને ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આ કામે આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૬૫(એ)(એ) હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂપિયા- ૨૦૦ /- નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને દંડ ન ભરે તો તેને ૨ (બે) દિવસની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય વિત્યા બાદ દારૂનો નિયમાનુસાર નિકાલ કરવો તથા મુદ્દામાલ વાહન અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે યથાવત રાખવામાં આવે છે અને જો કોઈ હુકમ ન કરવામાં આવેલ હોય તો મુળ માલિકને માલિકીની ખરાઈ કરી પરત કરવો.

હુકમ આજરોજ મી માહે ૦ સને ૨૦૨૩ ના રોજ નેશનલ લોકઅદાલતમાં સ્પે. સીટીંગમાં જાહેર કર્યો.

તા. ૭/૧૨/૨૩
સુરત

(એસ.એન.મોદી)
૧૧ મા અધિક સીવીલ જજ અને
જે.એમ.એફ.સી. સુરત
યુનિક કોડ નં.જીજે-૦૧૬૮૨

Fine Paid Rs. ૨૦૦ /-
vide receipt No.____________

Superintendent